# મેક્સિકો નોકઆઉટમાં પહોંચનાર પ્રથમ દેશ બન્યો

**સહ** યજમાન મેક્સિકોએ દક્ષિણ કોરિયા સામે 1-0થી જીત મેળવીને નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કરી લીધો

**દક્ષિણ** કોરિયાના ગોલકીપરના હાથમાંથી બોલ છૂટતા લુઇસ રોમોએ તક ઝડપી કરેલો ગોલ નિર્ણાયક બન્યો



ગુઆડાલજારા, તા. 19 (એપી) : ફિફા વર્લ્ડકપ 2026મા ગઈકાલે અહીં રમાયેલી એક મેચમાં લુઈસ રોમોએ દક્ષિણ કોરિયાના ડિફેન્સિવ લેપ્સનો લાભ ઉઠાવીને કરેલા ગોલની મદદથી ટૂર્નામેન્ટના સહ-યજમાન મેક્સિકો 1-0થી મેચ જીતીને વર્તમાન ફિફા વર્લ્ડકપના નોકઆઉટ તબક્કામાં પહોંચનારી પ્રથમ ટીમ બની.

આ એક એવી ટીમ માટે મોટી જીત છે જે 2022માં ગ્રુપ સ્ટેજમાં જીતવામાં નિષ્ફળ રહી હતી અને હવે તેણે ઘરઆંગણે ઉત્સાહિત ભીડની સામે સતત બે વાર જીત મેળવી છે. મેક્સિકોના ખેલાડીઓએ મેદાન પર ઉજવણી કરી જ્યારે એસ્ટાડિયો એક્રોનથી ભરેલા ભીડે ઉત્સાહથી ગીતો ગાયા.

પહેલો હાફ ગોલ રહિત રહ્યા પછી 50મી મિનિટે દક્ષિણ કોરિયાના ગોલકીપર કિમ સેઉંગ-ગ્યુ અને ડિફેન્ડર લી ગી-હ્યુક વચ્ચે ટક્કર થતાં પેનલ્ટી એરિયાની અંદર બોલ છૂટો પડ્યો હતો. રોમોએ પોતાની સામે આવેલી આ સુવર્ણ તકને ઝડપીને સરળતાથી બોલને ખાલી નેટમાં ધકેલીને કરેલો ગોલ મેચમાં નિર્ણાયક સાબિત થયો.

આ મેચની 87મી મિનિટે દક્ષિણ કોરિયા લગભગ બરાબરી કરવાની નજીક પહોંચ્યું હતું પરંતુ મેક્સિકોના ગોલકીપર રાઉલ રેન્જલે બે શાનદાર બચાવ કરીને ખતરો ટાળ્યો હતો. તેણે પહેલા ચો ગ્યુ-સુંગના હેડરને નજીકથી બ્લોક કર્યો અને પછી રીબાઉન્ડથી યાંગ હ્યુન-જુનના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. મેક્સિકોએ બે મેચમાં છ પોઈન્ટ સાથે ગ્રુપ A માં ટોચનું સ્થાન મેળવ્યું છે. તે હવે દક્ષિણ કોરિયાથી ત્રણ પોઈન્ટ આગળ છે અને ચેક રિપબ્લિક અને દક્ષિણ આફ્રિકાથી પાંચ પોઈન્ટ આગળ છે, જેમણે અગાઉ એટલાન્ટામાં 1-1થી ડ્રો રમી હતી. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો અને ત્રીજા સ્થાને રહેનારી શ્રેષ્ઠ આઠ ટીમો નોકઆઉટ તબક્કામાં આગળ વધશે. મેક્સિકો બુધવારે મેક્સિકો સિટીમાં ચેક રિપબ્લિક સામે તેની છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચ રમશે, જ્યારે દક્ષિણ કોરિયા મોન્ટેરીમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

## ગોલકીપર રાઉલ રાન્જેલના શાનદાર બચાવે મેક્સિકોને બચાવી લીધું



ગ્વાડાલહારા તા. 19 : યુએસ અને કેનેડા સાથે સંયુક્ત રીતે વર્લ્ડકપની યજમાની કરી રહેલું મેક્સિકો દક્ષિણ કોરિયા સામેની મેચમાં જ્યારે નોકઆઉટ સ્ટેજમાં પોતાની જગ્યા પાકી કરવાથી માત્ર થોડી જ મિનિટો દૂર હતું, ત્યારે 87મી મિનિટે ગોલકીપર રાઉલ 'તાલા' રાન્જેલે તેનો જમણો હાથ લંબાવીને ફૂટબોલને ગોલ લાઈન પાર કરતો અટકાવતા તેના આ અદ્દભૂત બચાવને કારણે દક્ષિણ કોરિયા બરાબરીનો ગોલ કરી શક્યું ન હતું. તેણે ચો ગ્યુ-સુંગના નજીકથી મારેલા હેડરને રોક્યા બાદ તરત જ યાંગ હ્યુન-જુનના ગોલ કરવાના પ્રયાસને પોતાના હાથને લંબાવીને રોકી દીધો હતો. રાન્જેલ જ્યારે જમીન પર પડતા પોતાના જ સાથી ખેલાડી સાથે અથડાયો ત્યારે દડો ઉછળ્યો હતો, પરંતુ તે રિબાઉન્ડ પર યાંગના પ્રહારને રોકવામાં સફળ રહ્યો હતો. આ વર્ષની શરૂઆતમાં મેક્સિકોના મુખ્ય ગોલકીપર લુઈસ એન્જલ માલાગોન ઈજાગ્રસ્ત થતાં રાન્જેલને વર્લ્ડકપ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

### ફિફા વર્લ્ડકપ 2026માં આજની મેચો

| હરીફ ટીમો | તારીખ | સમય |
|---|---|---|
| બ્રાઝિલ vs હૈતી | 20 જૂન | સવારે 6.00 વાગ્યે |
| તુર્કીયે vs પરાગ્વે | 20 જૂન | સવારે 8.30 વાગ્યે |
| નેધરલેન્ડ vs સ્વીડન | 20 જૂન | રાત્રે 10.30 વાગ્યે |
| જર્મની vs આઇવરી કોસ્ટ | 20 જૂન | રાત્રે 1.30 વાગ્યે |
| ઇક્વાડોર vs કુરાકાઓ | 21 જૂન | સવારે 5.30 વાગ્યે |

# મોકોએનાએ દક્ષિણ આફ્રિકાને હારથી બચાવીને એક પોઈન્ટ અપાવ્યો

**ચેક** રિપબ્લિક 1-0થી આગળ હતું ત્યારે મેચની અંતિમ મિનિટે મોકોએનાએ પેનલ્ટીને ગોલમાં ફેરવી મેચ ડ્રો કરી



એટલાન્ટા, તા. 19 : વર્લ્ડકપ ફૂટબોલના ગ્રુપ Aમાં ગઈકાલે ગુરુવારે રાત્રે રમાયેલી એક મેચમાં ટેબોહો મોકોએનાએ છેલ્લી ઘડીએ પેનલ્ટી ગોલમાં રૂપાંતર કરીને દક્ષિણ આફ્રિકાને માત્ર હારથી જ ન બચાવ્યું પરંતુ ચેક રિપબ્લિક સામેની મેચ 1-1થી ડ્રો કરીને તેમને એક મહત્વપૂર્ણ પોઈન્ટ પણ અપાવ્યો હતો. મોકોએનાએ મેચની શરૂઆત આંખોમાં આંસુ સાથે કરી અને મેચનો અંત ચહેરા પર સ્મિત સાથે કર્યો. મર્સિડીઝ-બેન્ઝ સ્ટેડિયમમાં છઠ્ઠી મિનિટે એલેક્ઝાન્ડર સોજકાના પાસને ગોલમાં ફેરવીને મિશેલ સાદિલેકે ચેક રિપબ્લિકને લીડ અપાવી. પેનલ્ટી એરિયામાં થાપેલો માસેકોનો લાંબા અંતરનો શોટ ચેક રિપબ્લિકના વિરોધી પાવેલ સુલ્કના હાથ પર વાગ્યો ત્યારે ચેક રિપબ્લિક વિજય તરફ આગળ વધી રહ્યું હતું. મોકોએના 83મી મિનિટે પેનલ્ટીને ગોરલમાં ફેરવીને મેચ ડ્રો કરી હતી. બંને ટીમોને તેમની શરૂઆતની મેચોમાં હારનો સામનો કરવો પડ્યો હતો અને તેઓ જાણતા હતા કે બીજી હાર 32ના રાઉન્ડમાં પહોંચવાની તેમની તકોને ગંભીર રીતે નુકસાન પહોંચાડી શકે છે. દક્ષિણ આફ્રિકાનો આગામી મુકાબલો બુધવારે ગ્રુપ A માં દક્ષિણ કોરિયા સામે થશે, પરંતુ મોકોએના આ મેચ ગુમાવશે. ટુર્નામેન્ટનું બીજું યલો કાર્ડ મળ્યા બાદ તેને એક મેચનું સસ્પેન્શન ભોગવવું પડશે.

# મઝામ્બીના બે ગોલથી સ્વિટ્ઝર્લેન્ડે બોસ્નિયાને 4-1થી હરાવ્યું

**મેચના** બીજા હાફમાં સબસ્ટીટ્યૂટ તરીકે આવેલા મઝામ્બીએ શાનદાર રમત દાખવીને પોતાની ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી




ઈન્ગલવુડ, તા. 19 : ફિફા વર્લ્ડકપની અહીં રમાયેલી ગ્રુપ બીની એક મેચમાં સબસ્ટિટ્યુટ જોહાન માંઝામ્બીએ કરેલા બે ગોલની મદદથી સ્વિટ્ઝર્લેન્ડે બોસ્નિયા-હર્ઝેગોવિના પર 4-1થી શાનદાર વિજય મેળવ્યો હતો. મેદાન પર આવ્યાની ત્રણ મિનિટ પછી જ મઝામ્બીએ 74મી મિનિટે શાનદાર વોલી સાથે વર્લ્ડકપમાં પોતાનો પહેલો ગોલ કર્યો અને મેચમાં સ્વિટ્ઝલૅન્ડનો પણ તે પહેલો ગોલ હતો.

બોસ્નિયાના ટેરિક મુહારેમોવિચને ખતરનાક ટેકલ માટે રેડ કાર્ડ બતાવવામાં આવ્યું હતું, જેના કારણે તેની ટીમને 10 ખેલાડીઓ સાથે રમવાની ફરજ પડી હતી, આ નિર્ણયનો સ્વિટ્ઝર્લેન્ડે પૂરો ફાયદો ઉઠાવ્યો. રુબેન વર્ગાસે 84મી મિનિટે સ્વિસ ટીમનો બીજો ગોલ કર્યો. 90મી મિનિટે વર્ગાસના પાસથી મઝામ્બીએ ફરી ગોલ કર્યો, જ્યારે કેપ્ટન ગ્રેનિત ઝાકાએ ઈન્જરી ટાઈમની સાતમી મિનિટે પેનલ્ટીને ગોલમાં ફેરવીને પોતાની ટીમની મોટી જીત સુનિશ્ચિત કરી. આ દરમિયાન, બીજા હાફના ઈન્જરી ટાઈમમાં બોસ્નિયા માટે એર્મિન માહમિચે ગોલ કર્યો. બીજો વર્લ્ડકપ રમી રહેલી ટીમ પાસે હજુ પણ નોકઆઉટ સ્ટેજમાં પહોંચવાની કાયદેસરની તક છે. ગ્રુપમાં કેનેડા સામેની શરૂઆતની મેચ ડ્રો કરાવનાર બોસ્નિયાના કતાર સાથે એક પોઈન્ટ છે. સ્વિટ્ઝલૅન્ડ અને કેનેડાના ચાર-ચાર પોઈન્ટ છે.

# જોનાથનની હેટ્રિકથી કેનેડાએ કતારને 6-0થી કચડ્યું

**વડાપ્રધાન** કાર્નીની હાજરી વચ્ચે કેનેડાએ વર્લ્ડકપમાં પોતાની પ્રથમ જીત મેળવી

**બે ખેલાડીની** મેચમાં રેડ કાર્ડ મળતા કતારે નવ ખેલાડીઓ સાથે રમવું પડ્યું




વાનકુવર, તા. 19 (એપી) : ફૂટબોલ વર્લ્ડકપમાં અહીં રમાયેલી એક મેચમાં જોનાથન ડેવિડે હેટ્રિક ફટકારતા કેનેડાએ કતારને 6-0 થી હરાવીને વર્લ્ડકપમાં પોતાની પહેલી જીત મેળવીને નોકઆઉટ રાઉન્ડમાં પોતાનું સ્થાન લગભગ સુરક્ષિત કરી લીધું હતું.

આ મેચમાં કતારને બે રેડ કાર્ડ મળ્યા, જેના કારણે તેમની ટીમ નવ ખેલાડીઓ સુધી સિમિત થઇ હતી. કેનેડાએ તેનો પૂરો ફાયદો ઉઠાવ્યો. પહેલા હાફમાં 33મી મિનિટે તાજોન બુકાનનને ફાઉલ કરવા બદલ હોમાન અહેમદને મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો. પછી, બીજા હાફની શરૂઆતમાં, આસિમ માદિબોને 51મી મિનિટે ઈસ્માઈલ કોન પર ફાઉલ કરવા બદલ રેડ કાર્ડ બતાવવામાં આવ્યું.

ગયા અઠવાડિયે ફ્રાન્સમાં G7 સમિટમાં હાજરી આપવાને કારણે ટોરોન્ટોમાં ટીમની પહેલી મેચ ચૂકી ગયેલા કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની મેચમાં ફિફા પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનોની સાથે બેઠા હતા. મેચમાં 16મી મિનિટે રિબાઉન્ડ પર સાયલે લારિને ટુર્નામેન્ટનો પોતાનો બીજો ગોલ કર્યો. ડેવિડે 29મી મિનિટે શાનદાર જમણા પગથી વોલી મારીને સરસાઇ બમણી કરી. પહેલા હાફના સ્ટોપેજ ટાઇમમાં ડેવિડે ક્રોસબારને અડીને બોલ હેડ કરીને ગોલ કરતાં કેનેડાની સરસાઇ 3-0 થઇ હતી. કોને ઈજાગ્રસ્ત થયા બાદ તેની જગ્યાએ આવેલા નાથન સલીબાએ 64મી મિનિટે ફ્રી કિકને ગોલ કરીને સ્કોર 4-0 કર્યો. કતારનું નસીબ વાંકું હતું અને 75મી મિનિટે મોહમ્મદ મનાઈએ આત્મઘાતી ગોલ કરતા સરસાઇ 5-0 થઇ હતી. ડેવિડે સ્ટોપેજ સમયમાં પોતાની હેટ્રિક પૂર્ણ કરી, આ વર્લ્ડકપમાં આર્જેન્ટિનાના મેસી પછી બીજો ખેલાડી બન્યો.

## કતાર સામેની મેચમાં ઘાયલ થયેલા કેનેડાના કોને સર્જરી કરાવવી પડશે





વાનકુવર, 19 જૂન (એપી) મિડફિલ્ડર ઇસ્માઇલ કોન મેચ દરમિયાન ઘાયલ થતા કેનેડાને તેના ઐતિહાસિક વર્લ્ડકપ વિજય પછી મોટો ઝટકો લાગ્યો છે, હવે એવા અહેવાલ આવ્યા છે કે કોને આ ઇજાની સર્જરી કરાવવી પડશે. કતાર અને કેનેડા વચ્ચેની મેચના બીજા હાફમાં, કતારના મિડફિલ્ડર અસીમ માદિબોએ પાછળથી આવીને ટેકલ કરવાના પ્રયાસમાં તેના ડાબા પગમાં ઈજા થઈ. 24 વર્ષીય કોને પીડાથી બૂમો પાડી, અને ખેલાડીઓ તેની મદદ માટે દોડી આવ્યા. કોન પર ટેકલ કરવા બદલ માદિબોને રેડ કાર્ડ બતાવવામાં આવ્યું અને મેદાનમાંથી બહાર મોકલી દેવામાં આવ્યો. કોનને શરૂઆતમાં મેદાન પર સારવાર આપવામાં આવી અને બાદમાં સ્ટ્રેચર પર લઈ જવામાં આવ્યો. કેનેડાના કોચ જેસી માર્શે જણાવ્યું હતું કે કોનને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તે સર્જરીની તૈયારી કરી રહ્યો હતો. તેના પરિવારના સભ્યો હોસ્પિટલમાં તેની સાથે છે. માર્શે એ પણ ખુલાસો કર્યો કે માડિબોએ વ્યક્તિગત રીતે ખૂણા પાસે માફી માંગી હતી.

## મકાઉ ઓપન : અશ્મિતા સેમીમાં, અનમોલ આઉટ

મકાઉ, તા. 19 : ભારતીય શટલર અશ્મિતા ચલિહાએ અહીં કોરિયાની કિમ મીન સુનને 37 મિનિટમાં 21-16, 21-18 થી સીધી ગેમમાં હરાવીને મકાઉ ઓપન સુપર 300 બેડમિન્ટન ટૂર્નામેન્ટની મહિલા સિંગલ્સ સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો, જ્યારે અનમોલ ખરબ ક્વાર્ટર ફાઇનલથી આગળ વધવામાં નિષ્ફળ રહી.

## ઘાયલ શ્રેયંકા પાટીલ ટી-20 વર્લ્ડકપમાંથી બહાર

લીડ્સ, તા. 19 (પીટીઆઈ) : ભારતની ઓફ સ્પિનર શ્રેયંકા પાટીલ પગની ઘૂંટીની ઈજાને કારણે મહિલા ટી-20 વર્લ્ડકપમાં થી બહાર થઈ ગઈ છે અને તેના સ્થાને અનકેપ્ડ લેગ-સ્પિનર પ્રેમા રાવતને ટીમમાં સામેલ કરવામાં આવી છે. બુધવારે નેધરલેન્ડ્સ સામે ભારતની 95 રનની જીત દરમિયાન 23 વર્ષીય શ્રેયંકા ઘાયલ થઈ હતી. આ ઘટના પાવરપ્લેની છેલ્લી ઓવરમાં બની હતી જ્યારે બોલ રોકવાનો પ્રયાસ કરતી વખતે તેના પગની ઘૂંટીમાં મચકોડ આવી ગઈ હતી.

આઈસીસી મીડિયા રિલીઝ અનુસાર, મહિલા ટી-20 વર્લ્ડકપ 2026 સ્પર્ધા ટેકનિકલ સમિતિએ શ્રેયંકા પાટીલના સ્થાને પ્રેમા રાવતને ભારતીય ટીમમાં સામેલ કરવાને મંજૂરી આપી છે. 24 વર્ષીય રાવતને પહેલી વાર સિનિયર રાષ્ટ્રીય ટીમમાં બોલાવવામાં આવી છે. તેણે મહિલા પ્રીમિયર લીગની બે સીઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે છ મેચ રમી છે. પ્રેમા ભારત A ટીમનો ભાગ હતી જે શનિવારે નોર્થમ્પ્ટનમાં ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટી-20થી શરૂ થતી છ મેચની સીરિઝ રમવાની છે.

# આજે ત્રીજી વન ડે : જયસ્વાલ, રાહુલ અને હર્ષિત પર નજર

**ભારતીય** ટીમ અંતિમ વન ડે જીતીને અફઘાનિસ્તાનને ક્લીન સ્વીપ કરવાના ઇરાદા સાથે મેદાનમાં ઉતરશે

**બપોરે** 1.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



ચેન્નાઈ, તા. 19 : ભારતીય ટીમ આવતીકાલે શનિવારે અફઘાનિસ્તાન સામેની ત્રીજી અને અંતિમ વન-ડે મેચમાં સીરિઝ ક્લીન સ્વીપ કરવાના ઈરાદા સાથે મેદાને ઉતરશે. આ સાથે જ ટીમ ઈન્ડિયા કે એલ રાહુલ અને યશસ્વી જયસ્વાલ પાસેથી મોટી ઈનિંગની અપેક્ષા રાખશે. બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સમાં રિહેબિલિટેશન પૂરું કર્યા બાદ ફાસ્ટ બોલર હર્ષિત રાણા ચેન્નાઈ વન-ડે પહેલા ટીમમાં જોડાઈ ગયો છે. તેને અર્શદીપ સિંહના સ્થાને પ્લેઈંગ ઈલેવનમાં તક મળી શકે છે.

વન-ડે ટીમમાં રાહુલનું સ્થાન નિશ્ચિત માનવામાં આવે છે, પરંતુ જયસ્વાલ માટે ઓપનિંગ સ્લોટની ભીડમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માટે આ મેચમાં મોટી ઈનિંગ રમવી ખૂબ જ જરૂરી છે. બીજી તરફ ઈશાન કિશને લખનૌમાં સદી ફટકારીને દાવો મજબૂત કર્યો છે. જયસ્વાલને મોકો આપવા માટે કેપ્ટન શુભમન ગિલ પોતે ત્રીજા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો. પરંતુ જ્યારે વિરાટ કોહલી ઈજામાંથી સાજો થઈને પરત ફરશે, ત્યારે તેનું ત્રીજું સ્થાન પાકું છે. આવી સ્થિતિમાં ગીલે રોહિત શર્મા સાથે ઓપનિંગમાં જવું પડશે અને કિશન ચોથા તથા શ્રેયસ અય્યર પાંચમા ક્રમે બેટિંગ કરશે. આ સમીકરણો જોતાં જયસ્વાલ પાસે તકો ખૂબ મર્યાદિત છે અને તેણે આ તકનો મહત્તમ લાભ ઉઠાવવો પડશે.

અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ ખૂબ જ કડક નિર્ણયો લઈ રહી છે. ટી-20 વર્લ્ડકપ જીતાડ્યા બાદ પણ જો સૂર્યકુમાર યાદવને ટીમમાંથી બહાર કરી શકાતો હોય, તો અન્ય ખેલાડીઓ માટે પણ ટીમમાં સ્થાન ટકાવી રાખવું આસાન નહીં હોય. ટૂંક સમયમાં જ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે વન-ડે ટીમની જાહેરાત થવાની છે, તેથી જયસ્વાલ માટે આ મેચ ખૂબ જ મહત્વની છે.

